














# ધરતી પર ઉતરશે આકાશ

# બી.આર.જી ગૃપ દ્વારા ગુરૂદેવ વેદશાળા અને વી.એમ. એસ.એસના સહયોગથી શુક્ર સંક્રમણના વિરાટ દર્શન

## ૯ ૬ વિશાળ વિદેશી ટેલીસ્કોપની મદદથી શુક્ર સંક્રમણ, આકાશ દર્શનનું શાળાકિય સ્તરે પ્રથમવાર આયોજન

## વડોદરાનું શુક્ર સંક્રમણ નાસાની વેબસાઈટ દ્વારા નિહાળી શકાશે.

વડોદરા તા.૬, બુધવાર : શુક્ર સંક્રમણની અદ્વીતય ખગોળશાસ્ત્રીય ઘટના વિશ્વ ના આકાશમાં આકાર લઈ રહી હતી, જેને વડોદરાની ધરતી પર ઉતારવાનું વિરાટ આયોજન કરવામાં આવ્યું હતું. ગુણવત્તા સભર શિક્ષણની સર્વ વ્યવસ્થાઓ માટે કટીબધ્ધ બી.આર.જી ગૃપ સંચાલીત ઉર્મિ સ્કુલ એન્ડ હોસ્ટેલ, સમાના યજમાન પદે અને ગુરૂદેવ વેધશાળા, સંસ્કૃતિ નેચર, ખગોળ એકેડમી અને વડોદરા મહાનગર સેવા સદન સંચાલીત સરદાર પટેલ પ્લેનીટોરીયમ, લોક વિજ્ઞાન સંસ્થાના સહયોગથી વર્તમાન ૨૧મી સદીમાં માત્ર એક વાર ઘટનારી આ રસપ્રદ અને અનેક વિધ પ્રકારના અવકાશીય સંશોધનોની તક આપનારી ખગોળશાસ્ત્રીય ઘટનાને નિહાળવાની કોઈ શાળાએ વ્યવસ્થા કરી હોય તેવો આ

દ્વીતીય બનાવ શહેરના શૈક્ષણિક ઈતિહાસ માં બન્યો છે. શુક્ર સંક્રમણ પછીનું સંક્રમણ ૧૦૫ વર્ષના સમયગાળા બાદ છેક સન ૨૧૧૭માં થશે એટલે દર્શકો માટે આ લાઈફટાઈમ ઘટના બની રહેશે.

આ અંગે માહિતી આપતા બી.આર.જી ગૃપ સંચાલીત ઉર્મિ સ્કુલના ડાયરેક્ટર શ્રીમતી રાધીકાબેન નાયર, જાણીતા ખગોળશાસ્ત્રી શ્રી દિવ્ય દર્શન પુરોહીતે જણાવ્યું હતુંકે, ખગોળશાસ્ત્ર એ અત્યંત મહત્વપૂર્ણ વિજ્ઞાન છે પરંતુ સમાજ જીવનમાં તેની જાણકારી ખૂબ જ પાંખી છે ગ્રહો રાશીઓની માયા જાળમાં લોકો ભરમાય છે. આ પ્રકારના ભ્રમના વતાવરણને ભેદવા બી.આર.જી ગૃપની ઉર્મિ સ્કુલમાં સંપૂર્ણ સુર્યગ્રહણને વૈજ્ઞાનીક રીતે માણવા અને જાણવાની વ્યવસ્થા સન ૨૦૦૯માં કરવામાં આવી હતી. જેમાં ઈસરોના સંશોધકો પણ જોડાયા હતા. ગુરૂદેવ વેધશાળાની મદદથી શાળા સ્તરે ખગોળીય ઘટનાઓની આળખ આપવાનું આ દ્વીતીય સોપાન છે જેનું વિવિધ નેશનલ ન્યુઝ ચેનલ દ્વારા તેમજ અમેરીકાની ખ્યાતનામ અવકાશ વિજ્ઞાન સંસ્થા નાસાની વેબસાઈટ દ્વારા જીવંત પ્રસારણ કરાશે. શુક્ર સંક્રમણને આવકારવા અને જાણકારી દ્વારા તેના માટેનું વાતાવરણ સર્જવાની પૂર્વ તૈયારીના રૂપમાં ઉર્મિ સ્કુલ ખાતે આકાશવિજ્ઞાન પ્રદર્શન પણ શરૂ કરવામાં આવ્યું છે.

શ્રીમતી રાધીકાબેન નાયર, શ્રી દિવ્ય દર્શન પુરોહીત,હેમંત શાહ, પાર્થ બલોરા, અરૂણશાહીવાલે વિગેરેએ વધુમાં જણાવ્યું કે, શુક્ર સંક્રમણનો ખગોળશાસ્ત્રની મહત્વપૂર્ણ ઘટનાઓમાં સમાવેશ થાય છે અને વર્તમાન સદીમાં તેને નિહાળવાનો આ પહેલો અને છેલ્લો અવસર છે. શુક્ર સંક્રમણના નજારાને નરી આંખે નિહાળવા માટે સંસ્કૃતિ નેચર અને ખગોળ એકેડમી દ્વારા છ મોટા વિદેશી સોલર ટેલીસ્કોપ લગાવવામાં આવેશે અને તેના દ્વારા આ સંક્રમણને પગલે જગતમાં થતા ફેરફારોનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.


જે http://www.ustream.tv/channel/urmi-venus#utm_campaign=unknown&utm_source=11217797&utm_medium=social, http://ustre.am/L4gd વેબસાઈટ ઉપર પણ જોઈ શકાયું હતું. વડોદરાના આકાશમાં થનારા શુક્ર સંક્રમણને ત્રણ પ્રોજેક્ટરની મદદથી મોટા પડદા પર બતાવવામાં આવ્યો હતો અને પાંચ હજાર વોટની સાઉન્ડ સિસ્ટમ દ્વારા તેને લગતી સુચનાઓ એન માહિતી આપવામાં આવી હતી. આ જીવંત પ્રસારણ નાશાને મોકલવાની વ્યવસ્થા હોવાથી આખી દુનિયા વડોદરામાં શુક્ર સંક્રમણની ઘટનાને જોઈ હતી.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ ઘટના સમયે જ મોબાઈલ દ્વારા સુર્યનું અંતર શોધી શકાશે અને પ્રત્યેક પંદર મિનિટે અદ્વીતીય શુક્ર સંક્રમણની ઘટનાની તસ્વીર લેવામાં આવશે જેની અન્ય દેશોના નિરિક્ષકો સાથે સરખામણી કરીને સુર્યના અંતરનો સચોટ તાગ મેળવવામાં આવશે. કલા અને ઈજનેરી પ્રમાણે ઘટનાનું હસ્ત ચિત્ર દોરવામાં આવશે અને તે નાશા તેમજ અન્ય દેશોની ખગોળ વિજ્ઞાન સંસ્થાઓને મોકલવમાં આવશે.

શ્રીમતી રાધીકાબેન નાયર, દિવ્ય દર્શન પુરાહીત, ગૌરાંગ પટેલ, હેમંત શાહ, પાર્થ બલોરા, અરૂણશાહીવાલે વિગેરેએ વધુમાં જણાવ્યું હતુકે, ધર્મ અને આધ્યાત્મ સાથે વિજ્ઞાનને જોડવાના એક પ્રયાસના રૂપમાં ઉર્મિ સ્કુલના વિદ્યાર્થીઓ તારીખ ૬ જુને ગાયત્રી મંત્રના નાદ સાથે સવારના ૫.૫૨ કલાકે આ ખગોળમહોત્સવનો શુભારંભ કરશે. જે સવારના ૧૦.૨૪ કલાક સુધી ચાલ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન એક મોટા પડદા પર તેની સમજ આપતું સંપૂર્ણ વૈજ્ઞાની પ્રદર્શન ચાલુ રાખવામાં આવ્યું હતું. ખગોળપ્રેમીઓ, જીજ્ઞાસુઓ આ કાર્યક્રમને માણી શકે તે માટે વિના મૂલ્યે પ્રવેશ અને પાર્કિંગનું સૌજન્ય સભર વ્યવસ્થા બી.આર.જી ગૃપે દ્વારા કરવામાં આવી હતી. અખિલ વિશ્વગાયત્રી પરીવારના સ્વાદયાયીઓએ પણ તેમાં સહયોગ આપ્યો હતો. વિરાટ અને સંપૂર્ણપણે વૈજ્ઞાનીક ઢબે આયોજીત શુક્ર સંક્રમણની ઘટનાના નિરિક્ષણના આ કાર્યક્રમમાં રસ ધરાવતા નાગરીકોને સહભાગી બનવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

શુક્રએ પૃથ્વીનો સહોદર ગ્રહ ગણાય છે અને અસંખ્ય ધગધગતી ભઠ્ઠીઓ જેટલું વિકટ ઉષ્ણતમાન ધરાવે છે.

શુક્ર સંક્રમણના સૌથી વધુ રોમાંચક અવકાશી ચમત્કારના સંદર્ભમાં આ હિરાકણી જેવા તેજસ્વી ગ્રહની રોચક જાણકારી આપતા ખગોળશાસ્ત્રીઓ દિવ્ય દર્શન પુરોહીત, ગૌરાંગ પટેલ, હેમંત શાહ, પાર્થ બલોરા, અરૂણશાહીવાલેએ જણાવ્યું હતુંકે, શુક્રને પૃથ્વીનો સહોદર (સગો ભાઈ) ગ્રહ ગણવામાં આવે છે. જે આપણી ગ્રહ માળાનો સુર્યથી સૌથી વધુ નજીકનો બીજો ગ્રહ છે. સ્વચ્છ આકાશમાં સુર્યાસ્ત પછી સાંજે પશ્ચિમમાં અને ક્યારેક સુર્યોદય



પહેલા પૂર્વમાં આ ચમકદાર ગ્રહને નજરે નિહાળી શકાય છે. શુક્રના ગ્રહને પૃથ્વી જેવો ચંદ્રમાં નથી, તેનું વાતાવરણ અંગાર વાયુ (કાર્બનડાયોક્સાઈડ)નું બનેલું અત્યંત વિષમ છે અને ત્યાં સતત સલ્ફ્યુરીક એસીડની વર્ષા થતી રહે છે. તેનો એક દિવસ પૃથ્વીના ૧૧૭ દિવસ કરતા અને શુક્રના પોતાના એક વર્ષ કરતા પણ વધુ લાંબો છે કારણકે આ ગ્રહ સુર્યની આસપાસ પરીભ્રમણ ૨૨૫ દિવસમાં (વર્ષ) અને પોતાની ધરી પર ભ્રમણ ૨૪૩ દિવસ (એક દિવસમાં) પુરૂ કરે છે. શુક્રએ પ્રમનો ગ્રહ ગણવામાં આવે છે એટલે કહી શકાય કે, પ્રેમની ઉષ્મા કેવી ધગધગતી હોય છે.

# VNM Green Musical Rally

## "Chhoti Koshish , Kadam Bade Parivartan Ka"

This year VNM and Gujarat Pollution Control Board (GPCB) had collectively planned a New Activity i.e. Rally on Environmental Issues Awareness to encourage Barodians to protect and conserve Green Heritage of Vadodara...
on 5th June 2012,
Day: Tuesday, at 7:30 am
and Route in Kms: 3-5 kms,
Starting Point: Chakali Circle to Pashabhai Park...
Inox to.Kalpataru to Trident Complex...
End Point- Chakali Circle, (BIRD CIRCLE TO BIRD CIRCLE)..
In-between 5 Performance Stages were built at different areas during the rally where Jaltarang Performance and Environment Theme based Dance Performances were planned.

PERFORMANCE..OF GAEKWAD BROTHERS.. (JAL TARANG)
FLOOR FIGHTER DANCE GROUP...(Dance performance on environment awareness)
RUH BAND....(Rocking songs on environment) were indeed mesmerising.

































